નલ સે જલ પ્રોજેકટમાં સર્વેની ધીમી કામગીરી માટે નોટીસો અપાઈ

ગાંધીનગર, તા.૨૫

નલ સે જલ માટેના પાયલોટ પ્રોજેકટ તરીકે રાજયમાં ગાંધીનગર જિલ્લાની થયેલી પસંદગી પછી જિલ્લામાં હજુ સર્વેલન્સ બાબતે ઉદાસીનતા દાખવનાર તંત્રના કર્મયોગીઓને નોટીસો આપવામાં આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ક્ષેત્રીય કર્મયોગીઓને આ માટે જરૂરી ટેકનીકલ સર્વે માટેની સૂચનાઓ આપવામાં આવી છે એટલું જ નહિ આ માટે જરૂરી તાલિમનું પણ આયોજન તાલુકા કક્ષાએ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે આ માટે હાલ જિલ્લામાં બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે. પરંતુ પ્રાથમિક સર્વે અને ટેકનીકલ સર્વેની કામગીરીમાં ઘણી બધી ક્ષતિઓ માલુમ પડી છે. આ ઉપરાંત બાયસેગ દ્વારા જે જરૂરી નકશા તૈયાર કરી આપવાના હતા તે પણ ઘણા કામો પર પહોંચ્યા ન હોવાથી આ સર્વેમાં વિલંબ થઈ રહ્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ એક સપ્તાહમાં આ સર્વેની કામગીરી સંપૂર્ણ રીતે પૂર્ણ કરી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨જી ઓકટોબરના રોજ જિલ્લાને રાજયનો પ્રથમ જિલ્લો 'નલ સે જલ' મળતો હોવાનો ઘોષિત કરવા માટની તૈયારીઓ છે. આ માટે જિલ્લાને પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. આ પછી તબક્કાવાર રાજયના અન્ય જિલ્લાઓ જાહેર કરવામાં આવશે.

પંચદેવે પરંપરાગત મેળો - જન્માષ્ટમીની સાંજે પંચદેવના પ્રાંગણમાં પરંપરાગત મેળો યોજાયો હતો... મેળો માણવા અને મેળો મ્હાલવા ગાંધીનગર ઉપરાંત આસપાસના ભાવિકો મોટી સંખ્યામાં ઉમટે છે... રંગબેરંગી પરિવેશમાં મેળામાં ઉમટતા ભાવિકોનું દેવ્ય કૃષ્ણ પરત્વેનો પ્રેમ અભિવ્યક્ત થાય છે... કૃષ્ણ એટલે જ મેળાનો માણસ... વાંસળીના સૂરે રાસ રચના કૃષ્ણ સમુહમાં કલા અને સંસ્કૃતિની અભિવ્યક્તિ કરે છે... એટલે મેળો આપણી સંસ્કૃતિનો એક ભાગ બની ગયો છે... પાટનગરનું પંચદેવ મેળાનું યજમાન બને છે... ત્યારે ગાંધીનગર સંસ્કારી નગરીની ઝલક વ્યક્ત કરે છે... કૃષ્ણના અનેક સ્વરૂપો છે.... વાંસળી વગાડતો કૃષ્ણ, માખણચોર કૃષ્ણ કે પછી મટકી ફોટતો કૃષ્ણ.... પરંતુ જન્માષ્ટમીએ મટકી ફોડતા કૃષ્ણની ઝાંકી નિહાળવા પંચદેવ મંદિરે માનવ મહેરામણ હકડેઠઠ ઉમટી પડ્યો હતો....

જળશક્તિ અભિયાન અંતર્ગત જિલ્લામાં આજે ગ્રામસભાઓ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લામાં આજે જળશક્તિ અભિયાન અંતર્ગત ૩૦૩ ગામોમાં ખાસ ગ્રામ સભાઓ યોજવામાં આવશે. આ ગ્રામ સભાઓમાં જિલ્લા અને તાલુકાના અધિકારીઓ પણ હાજર રહેશે.

જિલ્લામાં ૧લી જુલાઈથી ચાલી રહેલ જળશક્તિ અભિયાન અંતર્ગત ગ્રામીણ વિસ્તારના લોકોની સક્રિયતા વધે તે માટે ખાસ ગ્રામસભાઓનું આયોજન કરવા ભારત સરકારે સૂચવ્યું હતુપં.

ભારત સરકારે ૨૪મી ઓગસ્ટના રોજ આ ગ્રામ સભાઓ યોજવા સૂચવ્યું હતું પરંતુ જન્માષ્ટમી અને અન્ય તહેવારોને પગલે જિલ્લા સત્તાવાળાઓએ આ માટે ૨૬મીએ ગ્રામ સભાઓનું આયોજન કરવા જણાવ્યું હતું.

જળસંચયના કામો, સઘન નવીનીકરણ તેમજ જુના રિસોર્સને પુનઃજીવીત કરવા માટે અગ્રતા આપવા સહિતના કામો અંગે આ બેઠકમાં ચર્ચા - વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં ૧૪મા નાણાપંચની ગ્રાન્ટમાંથી પણ આવા કામો હાથ ધરી શકાશે અને તેની જોગવાઈઓ બાબતે સમજ આપવામાં આવશે.

પાણીના મુદ્દે જિલ્લામાં પહેલીવાર ગ્રામ સભાઓ થઈ રહી છે. જિલ્લામાં ગત વર્ષે પણ ચોમાસુ નિષ્ફળ રહ્યું હતું જ્યારે આ વર્ષે અત્યાર સુધીમાં ૬૨ ટકા જેટલો સિઝનનો વરસાદ થઈ ગયો છે. જોકે જિલ્લામાં હજુ વરસાદની ઘટ છે. સાબરમતી નદી જે જિલ્લાની મુખ્ય નદી છે તે હજુ કોરી રહેવા પામી છે. જિલ્લામાં આ દિવસે જળસંચય માટે પ્રતિજ્ઞા વાંચન પણ કરવામાં આવશે. ૧૫મી ઓગસ્ટે પણ જિલ્લાભરની શાળાઓમાં બાળકોએ જળસંચયને લઈ પ્રતિજ્ઞાઓ લીધી હતી જે નોંધનીય છે.

'આયુષ્યમાન યોજના'ના અમલીકરણમાં જિલ્લો રાજયમાં ૧૪મા સ્થાને રહ્યો

ગાંધીનગર, તા.૨૫

આયુષ્યમાન ભારત એ કેન્દ્ર સરકાર દ્વારા પુરસ્કૃત યોજનાના અમલીકરણમાં ગાંધીનગર જિલ્લાનો ક્રમ રાજયમાં ૧૪મા સ્થાને આવતા તંત્રમાં નિરાશા વ્યાપેલી જોવા મળી હતી.

જિલ્લામાં આ અંગે અત્યાર સુધીમાં માત્ર ૪૮ ટકા જ કામગીરી થવા પામી છે. મળતી વિગતો પ્રમાણ આયુષ્યમાન ભારત અંતર્ગત જિલ્લાની ૨૬ સરકારી હોસ્પિટલ અને ૨૫ ખાનગી હોસ્પિટલો જોડાયેલી છે.

આ યોજના અંતર્ગત રૂ. ૧ કરોડથી વધુની સારવારના ૯૦૦થી વધુ ક્લોઈમ રજૂ થઈ ચુક્યા છે. તંત્રએ યોજના અંતર્ગત ગોલ્ડન કાર્ડ આપવાની કામગીરીને સઘન બનાવવાના કરેલા પ્રયાસો પણ નિષ્ફળ રહેવા પામ્યા છે.

મળતી વિગતો પ્રમાણ ગોલ્ડન કાર્ડ ઈસ્યુ કરતાં પહેલાં ડોક્યુમેન્ટ્સ અરજદારે જે રજૂ કરવાના હોય છે તે અધુરા હોય છે. તો ક્યાંક ફિંગર પ્રિન્ટ આવતી નથી. સમયસર કાર્ડ પણ નીકળતા નહિ હોવાની ફરિયાદો પણ છે. આ ઉપરાંત જ્યારે જ્યારે કેમ્પ કરાય ત્યારે ક્યાંક નેટવર્કની ક્ષતિ અને ક્યાંક લાભાર્થીઓ તેમજ કર્મયોગીઓ પણ સમયસર પહોંચતા નહિ હોવાનું ધ્યાને આવ્યું છે.

જિલ્લામાં આયુષ્યમાન ભારતની નબળી કામગીરી માટે જિલ્લા કલેક્ટરશ્રી લાંગા અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર. આર. રાવલ જાહેરમાં નારાજગી વ્યક્ત કરી ચુક્યા છે. તંત્રે આ પછી કેમ્પોનું આયોજન પણ કર્યું હતું પરંતુ તે સફળ રહેવા ન પામતાં તંત્રમાં નિરાશાની લાગણી પ્રસરી જવા પામી છે.

ગ્રામીણ વિસ્તારમાં આવકના પ્રમાણપત્ર અને અસ્થાઈ રહેઠાણના પ્રમાણપત્ર વી.સી.ઈ. આપી શકશે

ગાંધીનગર, તા.૨૫

રાજય સરકાર દ્વારા વહીવટીતંત્રને પ્રજાભિમુખ બનાવવાના ભાગરૂપે હવે ગ્રામ્ય કોમ્પ્યુટર સાહસિક દ્વારા આવકના પ્રમાણપત્ર અને અસ્થાઈ રહેઠાણના પ્રમાણપત્ર આપવામાં આવશે.

રાજયના પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થયેલી વિગતો ગુજરાત સરકારના પોર્ટલ www.digital gujarat.gov.in અપાતી એ.ટી.વી.ટી. સેવાઓ પૈકી પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ સેવાઓને ઈ-ગ્રામ સેન્ટર દ્વારા પુરી પાડવા માટેનો આ મહત્વનો નિર્ણય લીધા બાદ તેના આદેશો પણ જારી કરી દેવામાં આવ્યા.

રાજય સરકારના હકારાત્મક અભિગમ થકી ઈ-ગ્રામ કક્ષાએ કાર્યરત કરવામાં આવેલ હોઈ જિલ્લામાં આ સેવાનો લાભ મેળવવા અરજદારે તલાટી કમ મંત્રીને અરજી કરવાની રહેશે. તલાટી કમ મંત્રી આ અરજીની ચકાસણી કરી મંજુરી આપશે. ત્યાર બાદ વી.સી.ઈ. દ્વારા ઓનલાઈન પ્રાણપત્ર ઈસ્યુ કરવામાં આવશે અને અરજદારે સેવા દીઠ રૂ. ૨૦ લેખે નાણાં જમા કરાવવાના રહેશે.

આવકના પ્રમાણપત્રો તેમજ રહેઠાણના દાખલા માટે જિલ્લા અને તાલુકાના ધક્કા અજરદારોએ ખાવા પડશે નહિ અને ગ્રામ્ય કક્ષાએ જ આ સુવિધા ઉપલબ્ધ બનશે.

ઈ-ગ્રામ પંચાયતો ખાતે વી.સી.ઈ. દ્વારા ઈ-સેવાઓ જેવી કે જન્મ મરણ પ્રમાણપત્ર, ૭/૧૨ અને ૮-અના ઉતારા, વીજ બિલ, વિધવા પ્રમાણપત્ર, દિવ્યાંગોના રજીસ્ટ્રેશન, પી.એમ. કિસાન રજીસ્ટ્રેશન, આયુષ્માન ગોલ્ડ કાર્ડ રજીસ્ટ્રેશન, ઓજસ થકી ફોર્મ નોંધણી તથા ઈ-ગ્રામ પોર્ટલ થકી વીજબિલ કલેકશન, તમામ પ્રકારના રીચાર્જ, વાહન, અન્ય વિમાઓ, પાનકાર્ડ, નાણાંકીય લેવડદેવડની સુવિધાઓ જેવી સેવાઓ આપવામાં આવી રહી છે.

૨૦૦૭-૦૮થી ઈ-ગ્રામ યોજના સરકારે અમલી બનાવી છે. જે અંતર્ગત ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુચર અને તેની આનુષાંગિક સાધન સામગ્રી જરૂરી સોફ્ટવેર સાથે ઈ-કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે.

દરમિયાન ભારતના ચૂંટણી આયોગ દ્વારા પણ ઈલેક્ટ્રોસ વેરીફીકેશન પ્રોગ્રામ હેઠળ મતદાતાઓનો વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવશે. પંચે પણ મતદારયાદીમાં નામ દાખલ કરવા, સુધારણા માટેની સત્તા પણ વી.સી.ઈ.ને આપવા માટે તાજેતરમાં એમ.ઓ.યુ. કરી આપી છે.

આમ હવે ગ્રામીણ ક્ષેત્રમાં વિલેજ કોમ્પ્યુટર સાહસિકની સેવાઓ મહત્વની બની રહેશે તેમજ ગ્રામીણ પ્રજાને સામાન્ય કામ માટે જિલ્લા - તાલુકા મથકો સુધી જવાની જરૂર પડશે નહિ.

સાદરા ખાતે સરગવાનું ઔષધીય વન બનાવાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર તાલુકાના સાદરા ખાતે સરગવાનું એક વિશેષ ઉદ્યાન ઉભુ કરવાનો મહત્વનો નિર્ણય જિલ્લા તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે.

સાદરા ટી.વી. હોસ્પિટલ કેમ્પસની ખુલ્લી જગ્યાનો આ માટે ઉપયોગ કરવામાં આવનાર છે. ૩ હેક્ટરથી પણ વધારે જમીન ઉપલબ્ધ છે અને સરગવો એ આયુર્વેદમાં ઔષધ માટે પણ ઉપયોગી છે એટલું જ નહિ તેનો આહાર કરવાની કુપોષણમાંથી મુક્તિ મળે છે.

જિલ્લા તંત્ર દ્વારા ૨ હજારથી વધુ વૃક્ષોનું અહીં વાવેતર કરવાનો અંદાજ છે. આ માટેની લગભગ તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે.

આગામી સપ્તાહમાં આ અંગે વૃક્ષારોપણ કરી વનનિર્માણનો પ્રારંભ કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યું છે. જિલ્લામાં આ પ્રકારનું ઔષધીય વન નિર્માણ કરવાનો મહત્વનો સંકલ્પ તંત્રએ લીધો છે.

ગાંધીનગર ૨૦ કિ.મી.થી થોડા વધુ અંતરે આવેલા સાદરા ખાતે અધિકારીઓએ સ્થળની પસંદગી કરી લીધી છે. અને તે માટે જરૂરી તમામ પ્રાથમિક તૈયારીઓ પણ સંપન્ન થઈ ગઈ હોવાનું આ સૂત્રોએ સ્વીકાર્યું છે.

મનપાના ઢોરડબ્બામાંથી સિક્યોરિટી પર હુમલો કરી ૧૮૦ પશુઓ છોડાવી જતા પશુપાલકો

ગાંધીનગર કોર્પો.ની કામગીરી પર પાણી ફરી વળ્યું, શહેરીજનોની મુશ્કેલી વધશે..!!

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર સેકટર ૩૦ મા આવેલ મ્યુન્સીપલ ઢોર ડબ્બા મા થી પશુ પાલકો ના ટોળાએ સિક્યોરિટી પર હુમલો કરી ૧૮૦ પશુઓ છોડાવી ચોરી કરી લઈ ગયા ગાંધીનગર ના શહેરીજનોને રસ્તે રખડતા ઢોરોના ત્રાસની સંખ્યબંધ ફરિયાદો આવ્યા બાદ મ્યુન્સીપલ તંત્રના દબાણ ખાતા વિભાગે ઢોર પકડવાની કામગીરીની પ્રારંભ કરી ૨૦૦ જેટલી ગાયો, નંદીને પકડી ઢોરડબે પૂર્યા હતા. ત્યારે મ્યુન્સીપલમા ૨ દિવસના રજા નો લાભ પશુપાલકો એ ઉઠાવ્યો અને જન્માષ્ટમીની મધ્ય રાત્રિએ અજાણ્યા પશુ પાલકો એ ઢોર ડબ્બે હલલા બોલ કરી ફરજ પર ના સિક્યુયોરિટી પર હુમલો કરી ૧૮૦ જેટલા પશુ ધન ને છોડાવી ચોરી કરી લઈ જતા મ્યુન્સીપલ માટે આ ઘટના આંચકા જનક બની હતી.

અને રવિવાર હોવા છતાં આ ઘટનાની ગંભીરતાને લઈ મેયર તેમજ મ્યુન્સીપલ કમિશનર એ બનાવ ની ગંભીર નોંધ લઈ જરૂરી સૂચનો આપ્યા હતા મેયરે આ અંગે જીએનએસ સાથે વાત ચીત મા જણાવ્યું કે આ ઘટનાની અમે ગંભીર નોંધ લીધી છે અને જે લોકો એ આ કૃતય કર્યું છે તેની સામે પોલીસ કાર્યવાહી માટે તજવીજ હાથ ધરી છે. અને ટોળા સામે હુમલો કર્યાની ફરિયાદ આપી છે. વધુ મા તેમને જણાવ્યું કે આવી ઘટનાથી કોર્પોરેશનને બાન મા લેવા નો મનશુબો રાખતા હોય તો તેઓ ને પડકાર ફેંક્યો છે અને આગામી સમયમા ઢોર પકડવાની ઝુંબેશ વધુ આકમકતા સાથે ઉપાડીસુ તેમજ શહેરીજનો ને ભયમુક્ત રાખવા ના જરૂરી તમામ પગલાં કોર્પોરેશન ભરસે

જોકે આજની આ ઘટના ને લઈ કોર્પોરેશન ની કામગીરી સામે આંગળીઓ ચીંધાઈ છે આ ઘટના મા પોલીસ ને રાતે કેમ જાણ ના કરાઈ અથવાતો રાત્રી ના સમયે આટલુબધું પશુધન રસ્તા પર થી પસાર થઈ રહ્યું હતું ત્યારે રાત્રી દરમ્યાન પેટ્રોલિંગ કરતી પોલીસ એ આંખ આડા કાન કેમ કર્યા.? સુ ગાંધીનગર પોલીસ ને માત્ર જુગારીયાઓ ને પકડવા માટે જ દોડાદોડી કરતી હતી.? જો કોર્પોરેશન આવા અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી નહિ કરે તો ગાંધીનગર ના શહેરીજનો માટે રસ્તે નીકળવું જોખમકારક સાબિત થઈ શકે છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ નવીદિલ્હીમાં પૂર્વ નાણાં મંત્રી અને ભાજપા અગ્રણી સ્વ.અરૂણ જેટલીના પાર્થિવ દેહ પર પુષ્પાંજલિ અર્પણ કરી સદગત પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ અને મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદીપસિંહ જાડેજા અને ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીએ પણ સ્વ. અરૂણ જેટલીને ભાવાંજલિ આપી હતી.

વિના મૂલ્યે ઔષધીય વનસ્પતિ રોપ વિતરણ કાર્યક્રમ

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ દ્વારા વિના મૂલ્યે ઔષધીય વનસ્પતિ રોપાના વિતરણ કાર્યક્રમ આયોજિત કરેલ છે. પ્રજાજનો માટે પોતાના ઘરઆંગણે કે સંસ્થાના કંપાઉન્ડમાં ઘરગથ્થુ ઉપચાર માટે ઉપયોગી ઔષધીય વનસ્પતિના રોપા ઉછેરવા માટેની અનેરી તકનો સર્વે નાગરિકોને લાભ લેવા અનુરોધ છે.

તારીખ	સમય	સ્થળ
૨૬/૮/૨૦૧૯ સોમવાર	૧૦:૦૦ થી ૧૮-૦૦ કલાક	(૧) સરકારી સીવીલ હોસ્પિટલ ગાંધીનગર (૨) વન વિભાગ નર્સરી, ચ-૦ સર્કલ પાસે, ગાંધીનગર

GUJARAT MEDICINAL PLANTS BOARD

ડો. જગદીશ પ્રસાદ આઈ.એફ.એસ. (નિ.)
મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત ઔષધીય વનસ્પતિ બોર્ડ, બ્લોક નં.૧૯, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

માહિતી/૯૬૩/૧૯-૨૦

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ

(ગુજરાત સરકાર સ્થાપિત ઉપક્રમ)

સી.એફ.સી. બિલ્ડીંગ, ઈલેક્ટ્રોનિક્સ પાર્ક એસ.ઈ.ઝેડ, ક-૬થી કોલવડા રોડ, સેક્ટર-૨૬, ગાંધીનગર-૩૮૨૦૨૮
Email : rmgnr@gidcgujarat.org • Website : www.gidc.gujarat.gov.in

જી.આઈ.ડી.સી.માં આવેલ મિલકતોની જાહેર હરાજી

ગાંધીનગર કચેરી હેઠળની ઔદ્યોગિક વસાહતમાં નીચે મુજબના ઉપલબ્ધ વાણિજ્ય પ્લોટો / દુકાન કે 'જેમ છે તેમ અને જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં' ફાળવણી કરવા સીલબંધ કવરમાં અરજીપત્રકો / ભાવપત્રકો મંગાવવામાં આવે છે. ભાવપત્રકના કવર ઉપર વાણિજ્ય પ્લોટો અને દુકાન તથા તેનો નંબર અને વસાહતનું નામ અવશ્ય દર્શાવવાનું રહેશે. ઉપલબ્ધ મિલકતના નંબર, ક્ષેત્રફળ, વસાહતનું નામ નીચે દર્શાવ્યા મુજબ છે. કોરા અરજી ફોર્મ રૂ. ૫૦/- + જીએસટી રોકડા ભર્યાથી તા. ૩૧/૮/૨૦૧૯ થી ૧૬/૯/૨૦૧૯ દરમિયાન રજાના દિવસો સિવાય સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, ગાંધીનગરમાંથી અરજીપત્રક મેળવવાના રહેશે અને તેવા જ અરજીપત્રક માન્ય ગણાશે.

ગાંધીનગર કચેરીના તાબા હેઠળની વસાહતમાં હરાજીમાં મુકેલ મિલકતોની યાદી :

અનુ નં.	વસાહત	મિલકત નો પ્રકાર	મિલકતનો નંબર	ક્ષેત્રફળ (ચો.મી.)	પ્લોટની રીઝર્વ કિંમત (રૂ.)	ઈ.એમ.ડી. (રૂ.)
૧	વિજાણું	વાણિજ્ય	આર-૭	૬૩૦.૯૮	૧,૫૭,૭૪,૫૦૦/-	૩૯,૪૩,૬૨૫/-
૨	વિજાણું	વાણિજ્ય	આર-૮	૮૧૯.૯૬	૨,૦૪,૯૯,૦૦૦/-	૫૧,૨૪,૭૫૦/-
૩	વિજાણું	દુકાન	૪	૧૦.૭૮	૨,૯૦,૯૭૧/૦	૭૨,૭૪૩/-

ભરેલા અરજીપત્રકો / ભાવપત્રકો લાખના સીલબંધ કવરમાં જરૂરી દસ્તાવેજો સાથે 'આર.પી.એ.ડી.' દ્વારા જ મોડામાં મોડા તા. ૨૭/૯/૨૦૧૯, સાંજના ૫:૦૦ કલાક સુધીમાં પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, ગાંધીનગરને મળી જાય તે રીતે મોકલવાના રહેશે. જેમાં (અ) અરજદારે ટેન્ડરમાં ભરેલી જે તે કુલ કિંમતના ૨૫% પ્રમાણે ઈ.એમ.ડી.ની રકમનો 'જી.આઈ.ડી.સી., ગાંધીનગર'ના નામનો ડી.ડી.થી ભરપાઈ કરવાનો રહેશે તથા (ભ) સ્ટુટીની ફી પેટે વાણિજ્ય પ્લોટ માટે રૂ. ૧૦૦૦/- + રૂ. ૧૮૦ જીએસટી મળી કુલ રૂ. ૧૧૮૦/-નો ડી.ડી. અને દુકાન માટે રૂ. ૨૦૦૦/- + રૂ. ૩૬૦/- જીએસટી મળી કુલ રૂ. ૨૩૬૦/- 'જી.આઈ.ડી.સી. ગાંધીનગર'ના નામના અલગ ડી.ડી.થી ભરપાઈ કરવાના રહેશે. (સ્ટુટીની ફી ની રકમ પરત મળવાપાત્ર નથી.) અરજીપત્રક સાથે ઈ.એમ.ડી.ની રકમનો ડી.ડી. તથા સ્ટુટીની ફીનો ડી.ડી. સામેલ ન રાખનારનું ટેન્ડર રદ બાતલ ગણાશે એટલે કે ટેન્ડરમાં ભરેલી રકમના ૨૫% પ્રમાણેની પરમ ભરેલી નહિ હોય તો તેવા ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં. એક અરજીપત્રક દ્વારા એક જ પ્લોટ / શોપ માટે અરજી કરી શકાશે. અરજીપત્રક સાથે સામેલ કરાયેલા વિતરણ કરવા અંગેની શરતો અને બોલીઓ અન્વયેનું બાંહેધરી પત્રક રૂ. ૩૦૦/-નો અધેસીવ સ્ટેમ્પ લગાવી અરજદારની સહી, સ્થળ અને તારીખ તથા બે સાક્ષીઓની સહી સાથે ફરજિયાત રજૂ કરવાનું રહેશે. તો પણ જો નિયમ મુજબ રજૂ કરવામાં આવેલ નહિ હોય તો ટેન્ડર રદબાતલ થવાને પાત્ર રહેશે. સીલબંધ કવરો તા. ૪/૧૦/૨૦૧૯ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે હાજર રહેલા અરજદારો સમક્ષ ખોલવામાં આવશે. જે ઓપન થયેથી જે તે મિલકતની સૌથી વધારે કિંમત દર્શાવવામાં આવેલી હશે તે કિંમત ન્યુનતમ કિંમત / તળીયાની કિંમત ગણતરીમાં લઈ લાયક અરજદારો દ્વારા માહોમાહેંની બોલી બોલાવી જે સૌથી વધારે બોલી બોલનારની આખરી બોલી ગણી નિગમની વડી કચેરીએથી જરૂરી મંજુરી મેળવ્યા બાદ મિલકતની ફાળવણી અંગેની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉપલબ્ધ દર્શાવેલી મિલકતોની જાહેર હરાજી તા. ૪/૧૦/૨૦૧૯ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે નીચે જણાવેલ સરનામે રાખવામાં આવશે. જેમાં ભરેલા અરજીપત્રક / ટેન્ડરના અરજદારે જ અચુક હાજર રહેવાનું રહેશે. પછીથી કોઈ વાદવિવાદ ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. હરાજીની પ્રક્રિયામાં માત્ર એક જ અરજદારને પ્રવેશ ઓળખકાર્ડ રજૂ કર્યે મળશે. મળેલા અરજીપત્રકો / ભાવપત્રકો ખોલવાનું સ્થળ : પ્રાદેશિક મેનેજરશ્રીની કચેરી, સી.એફ.સી. બિલ્ડીંગ, ઈલેક્ટ્રોનિક્સ પાર્ક એસ.ઈ.ઝેડ-૬થી કોલવડા રોડ, સેક્ટર-૨૬, ગાંધીનગર-૩૮૨૦૨૮. ઉપર જણાવેલી મિલકતોની વિગતો, શરતો અને અન્ય માહિતી કચેરીના નોટીસ બોર્ડ તથા નિગમની વેબસાઈટ www.gidc.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. જે વંચાણે લીધા પછી જ ટેન્ડર ભરવાના રહેશે. અનિવાર્ય સંજોગોમાં નિગમ કોઈપણ મિલકતને જાહેર હરાજીની યાદીમાંથી હરાજીની પ્રક્રિયા શરૂ થાય પહેલા કાઢી શકશે અથવા યાદીમાં ફેરફાર કરી શકશે અને મિલકતની વિગતો, શરતો અને અન્ય માહિતીમાં ફેરફાર કરી શકશે. નિગમનો નિર્ણય અંતિમ ગણાશે, જે તમામ અરજદારોને બંધનકર્તા રહેશે. અનિવાર્ય સંજોગોમાં કોઈપણ અરજદાર, બિડર પોતાનું ટેન્ડર / બિડ ટેન્ડર ઓપનીંગ થતા પહેલા એટલે કે તા. ૩/૧૦/૨૦૧૯ના રોજ સવારના ૧૧:૦૦ કલાક પહેલા આઈ.ડી. પ્રુફ સાથે રૂબરૂમાં જાતે હાજર રહી લેખિતમાં રજૂઆત કરી પરત ખેંચી શકશે અને એક વખત ટેન્ડર / બિડ ખુલી ગયા પછી કોઈપણ સંજોગોમાં પરત ખેંચી શકાશે નહી. જેથી એક વાર ટેન્ડર ખુલી ગયા બાદગ જો કોઈ અરજદાર ટેન્ડર પરત ખેંચવાની રજૂઆત કરશે અથવા ઓફર - કમ - અલોટમેન્ટ લેટર સ્વિકારવાની ના પાડશે તો તે અરજદાર / બિડરની ૨૫% ઈ.એમ.ડી.ની રકમ જે ટેન્ડર રકમ જે ટેન્ડર સાથે ભરપાઈ થયેલી હશે તે નિગમ દ્વારા જપ્ત કરવામાં આવશે. જેની અવશ્ય નોંધ લેવાની રહેશે અને તે બાબતે કોઈપણ પ્રકારની તકરાર / વાંધો ઉઠાવી શકશે નહિ. મળેલા અરજીપત્રકો / ભાવપત્રકો પૈકી કોઈપણ એક કે તે તમામ સ્વીકારવા કે ન સ્વીકારવાન તે અંગેનો નિગમનો અબાધિત અધિકાર રહેશે.

સંપર્ક નંબર : +૯૧ ૮૨૦૦૩૦૪૩૭૮
+૯૧ ૯૯૦૯૫૭૩૨૫૩
કામકાજના સમય દરમિયાન જ ફોન કરવા વિનંતી.

સહી/-
પ્રાદેશિક મેનેજર
ગાંધીનગર

માહિતી/૯૫૫/૧૯-૨૦

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN® ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com